DM-001-001222 Seat No. ________

# B. A. (Sem. - II) (CBCS) Examination

**April / May – 2015**

## Gujarati : P. - IV (Core)

**પરિચ્છેદનો અર્થવિસ્તાર**

**Faculty Code : 001**
**Subject Code : 001222**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (1) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. પ્રશ્ન એકમાં M.C.Q. પ્રકારના વીસ પ્રશ્નો છે.

(2) એક M.C.Q. નો એક ગુણ, કુલ વીસ ગુણ છે.

(3) M.C.Q. પ્રકારના પ્રશ્નોના ઉત્તરપણ ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

**1** નીચે આપેલા વીસ બહુ વિકલ્પ પ્રશ્નોના સાચા વિકલ્પ જણાવો. **20**

(1) ગદ્યખંડના મૂળ વિચારને વિસ્તારપૂર્વક રજૂ કરવામાં આવે તેને શું કહે છે ?

(A) ગદ્યખંડનું વિવરણ (B) ગદ્યખંડનો સંક્ષેપ

(C) ગદ્યખંડનું સારાંશ (D) ગદ્યખંડનું સારલેખન

(2) ગદ્યખંડના વિવરણમાં દાખલા-દલીલો કેવા હોવાં જોઇએ ?

(A) મૂળ વિચારની પુષ્ટિ કરતા (B) મૂળ વિચારનું ખંડન કરતા

(C) મૂળ વિચારથી વિપરિત (D) આમાંથી એકેય નહીં

(3) ગદ્યખંડના વિવરણમાં શૈલી કેવી વાપરવી જોઇએ ?

(A) આકર્ષક (B) અનાકર્ષક

(C) સાદી (D) તળપદી

(4) ગદ્યખંડનું વાંચન કરી શું આત્મસાત્ કરવું જોઇએ ?

(A) લેખકની ભાષા (B) લેખકની શૈલી

(C) લેખાણની રીત (D) લેખકની વિચારધારા

(5) સંક્ષેપલેખનની ભાષા કેવી હોવી જોઇએ ?

(A) તળપદી (B) સરળ અને શુદ્ધ

(C) ભારેખમ (D) અશુદ્ધ

(6) મૂળ ગદ્યમાંથી તારવેલા અગત્યના મુદ્દાઓ સંક્ષેપીકરણમાં કઇ રીતે આવવા જોઇએ ?

(A) અસંકલિત રૂપમાં (B) સુસંકલિત રૂપમાં

(C) ખંડિત રૂપમાં (D) ભિન્નભિન્ન રૂપમાં

(7) અલ્પવિરામની નિશાની કઇ છે ?

(A) , (B) -

(C) ! (D) ?

(8) કોઇનું વિધાન તે જ સ્વરૂપે ઉતારવામાં આવે ત્યારે કયા ચિન્હમાં મૂકવામાં આવે છે ?

(A) અવતરણ ચિન્હ (B) લોપચિન્હ

(C) વિરામ ચિન્હ (D) પ્રશ્ન ચિન્હ

(9) ગુરુ કે મહાવિરામની નિશાની કઇ છે ?

(A) . (B) :

(C) ! (D) ?

(10) નીચેનામાંથી કયા શબ્દમાં લોપચિન્હ વપરાયું છે ?

(A) વે'મ (B) 'સંસાર'

(C) ''ભારત'' (D) ભાઈ-બહેન

(11) નીચેનામાંથી સર્વપદપ્રધાન સમાસ કયો છે ?

(A) તત્પુરુષ (B) દ્વન્દ્વ

(C) બહુવ્રીહિ (D) ઉપપદ

(12) કયા સમાસના વિગ્રહ સમયે બે પદ વચ્ચે 'કે' મૂકવામાં આવે છે ?

(A) ઈતરેતર દ્વન્દ્વ (B) વૈકલ્પિક દ્વન્દ્વ

(C) સમાહાર દ્વન્દ્વ (D) ઉપપદ

(13) 'દેવદીધું' - દેવએ દીધેલું - કયો સમાસ છે ?

(A) કર્તા તત્પુરુષ (B) ઉપપદ

(C) બહુવ્રીહિ (D) કર્મધારય

(14) 'ઋણમુક્ત' - ઋણમાંથી મુક્ત - કયો સમાસ છે ?

(A) ઉપપદ (B) બહુવ્રીહિ

(C) દ્વન્દ્વ (D) અપાદાન તત્પુરુષ

(15) 'કુંભકાર' - કુંભનો કરનાર કયો સમાસ છે

(A) ઉપપદ (B) બહુવ્રીહિ

(C) દ્વિગુ (D) અવ્યયીભાવ

(16) 'ગજાનન' - ગજના જેવું જેનું આનન છે તેવો - કયો સમાસ છે ?

(A) ઉપપદ (B) બહુવ્રીહિ

(C) દ્વન્દ્વ (D) તત્પુરુષ

(17) 'આપ ભલા તો જગ ભલા' - કહેવતનો અર્થ શું થાય છે ?

(A) ભલા સાથે બધા ભલાઈથી વર્તે

(B) ભલા સાથે બધા ભલાઈથી ન વર્તે

(C) ભલા સાથે બધા બુરાઈથી વર્તે

(D) આપ સાથે બધા બુરાઈથી વર્તે

(18) 'ઈદ પછી રોજા - કહેવતનો અર્થ શું થાય છે ?

(A) દુઃખ પછી રોજા આવે છે. (B) ઈદ પછી દુઃખ આવે છે.

(C) સુખ પછી દુઃખ આવે છે. (D) દુઃખ પછી સુખ આવે છે.

(19) 'વાળ વાંકો થવો' - રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે ?

(A) વાળ વળી જવા (B) ઈજા ન થવી

(C) વાળ આડા પડવા (D) ઈજા થવી

(20) 'શેર લોહી ચડવું' - રૂઢિપ્રયોગોનો અર્થ શું થાય છે ?

(A) ખૂબ આનંદિત થવું (B) જાડું થવું

(C) શરીરમાં લોહી ચડાવવું (D) શેરને લોહી ચડાવવું

2 નીચે આપેલ પરિચ્છેદનો વિચાર વિસ્તાર કરો. 10

વિવિધ પ્રકારના ધર્મ પ્રવર્તકો અને સુધારકો કરતાં કેળવણીકારમાં વધુ ધીરજ હોય છે. કેળવણીકારનું મુખ્ય કામ દરેક માણસની અંદર રહેલા સર્જક-તત્ત્વને સક્રિય બનાવવાનું છે. માણસને જીવનમાં અમુક એક જાતની જ પરિસ્થિતિનો સામનો કરવાનો આવશે એવું નથી. માણસ જે કોઈ પરિસ્થિતિમાં મુકાય તેનો પોતે રચનાત્મક રીતે ઉપયોગ કરી શકે એવી સ્થિતિમાં એ હોવો જોઈએ. સાચો કેળવણીકાર કોઈ ચોકક્સ ઉકેલો હાથમાં પકડાવતો નથી, પણ ઉકેલ શોધવાની પ્રક્રિયા માણસમાં કામ કરતી થાય એમાં મદદરૂપ બને છે. અંગ્રેજી શબ્દ 'એડ્યુકેશન' પાછળના લેટિન મૂળનો અને સંસ્કૃત પર્યાય વિનયનો અર્થ પણ માણસના ચૈતન્યને બહાર આણવું - પ્રેરવું એ જ છે. આ કેળવણીનો કીમિયો લગભગ માતા જેવાં પ્રેમ અને ધીરજ જેનામાં હોય તેવો શિક્ષક અજમાવી શકે. જીવનના બધા પ્રશ્નો જેમ અંતે કેળવણીના પ્રશ્નો છે, તેમ કેળવણીનો પ્રશ્ન એ છેવટે શિક્ષકનો પ્રશ્ન છે.

**-ઉમાશંકર જોષી**

**અથવા**

2 નીચેની પંક્તિનો અર્થવિસ્તાર કરો 10

''પીંપળ પાન ખરંતાં હસતી કૂંપળિયા,

અમ વીતી તમ વીતશે, ધીરી બાપુડિયા.''

-ડાહ્યાભાઈ ધોળશાજી

**3** નીચેના ગદ્યખંડમાંથી કોઇ એકનું સંક્ષેપીકરણ કરો. **10**

તમને ઠીક લાગે તો નાસ્તિક બનો, પણ વિચાર કર્યા વિના કોઇ વસ્તુ માની ન લો. આત્માને પશુની કક્ષાએ નીચે શા માટે ઉતારવો ? આથી તમે તમારી જાતને જ નહિ પરંતુ સમાજને પણ નુકસાન પહોંચાડો છો, અને તમારી પછી આવનારાઓને ભયમાં મૂકો છો. જાગો અને અંધશ્રદ્ધા રાખ્યા સિવાય બુદ્ધિપૂર્વક વિચાર કરો. ધર્મ એ માન્યતાનો નહિ પણ પામવાનો અને અનુભવવાનો સવાલ છે. આ ધર્મ છે અને તમે જ્યારે તેને પામો ત્યારે જ તમને ધર્મ લાધ્યો દેખાય છે. તે પહેલાં તમે પશુઓથી જરાય ઊંચા નથી. મહાન બુદ્ધ કહે છે : ''તમે જે સાંભળ્યું હોય તેમાં શ્રદ્ધા ન રાખો, કોઇ વિધાનો પેઢીઓથી ચાલ્યાં આવ્યાં છે માટે જ તેમાં ન માનો, તમારા ગુરુઓ અને વડીલોનો આદેશ છે માટે પણ ન માનો. પણ તમારી જાતે વિચાર કરો, પૃથક્કરણ કરી જુઓ અને જ્યારે પરિણામ સ્વીકાર્ય બને તથા સર્વ કોઇનું ભલું કરે એવું દેખાય ત્યારે તેને સ્વીકારો અને તે પ્રમાણે જીવન જીવો.''

**- સ્વામી વિવેકાનંદ**

**અથવા**

ઘણાં માણસો ભરજુવાનીમાં પણ ડોસાડોસી જેવાં જ હોય છે. એમનો આકાર જુવાન જેવો હોય છે, પણ આત્મા તો જરઠ જ હોય છે. દુનિયા છે તેવી જ બહુ સારી છે એમ માનનારાં, સો ગળણે ગાળીને પાણી પીનારાં અનેક ઠરેલ, ઠાવકાં ગણાતાં જુવાન સ્ત્રી-પુરુષો તત્ત્વતઃ જરઠ જ છે. જગતનો ભાગ આવા નિત્યજરઠોનો જ બનેલો છે. વ્યવહાર નભે છે - સંસારના સારામાઠા અંશો જળવાઇ રહે છે - તે એમને જ લીધે. તો કેટલાક મનુષ્યો નિત્યયુવાન હોય છે. દેહ વૃદ્ધ થાય, છતાં એમનો આત્મા તો સદાયે યૌવનથી થનગની રહ્યો હોય છે. એમનાં જીવનમાં સદા ઉત્સાહ ઉછળતો હોય છે, ને શક્તિ લાવારસની પેઠે ઘૂમાઘૂમ કરી રહી હોય છે. એમની ઇચ્છાશક્તિ અદમ્ય હોય છે ને આદર્શ મહાન હોય છે. જગત જેવું છે તેવું કદી એમને સંતોષ આપી શકતું નથી. વર્તમાન અપૂર્ણ જગતમાંથી કોઇ પૂર્ણ જગત સરજાવવાની એમની નિત્ય લગની હોય છે. અને જગત જે કંઇ પ્રગતિ કરી શકે છે તે પણ આવા યુવક આત્માઓના યત્નોને લીધે જ. દુનિયામાં જે કંઇ સુધારા થાય છે તેમાં પ્રેરકબળ આવા યુવાનોનું જ હોય છે.

**- વિશ્વનાથ ભટ્ટ**

4 (અ) બેમાંથી એક સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો. 8

(૧) દ્વન્દ્વ સમાસ

(૨) તત્પુરુષ સમાસ

(બ) બેમાંથી એક સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો. 8

(૧) કર્મધારય સમાસ

(૨) ઉપપદ સમાસ

5 નીચેનામાંથી કોઈપણ બે લખો : 14

(૧) નીચેના ગદ્યમાં યોગ્ય વિરામચિન્હોનો ઉપયોગ કરી ફરીથી ગદ્ય લખો.

શબરી ક્યાં નૈવેદ્યનો વિધિ ભણવા ગઈ હતી એ બિચારીને પ્રભુને બોર ધરાવ્યાં ત્યારે પાસે બેઠેલા કોઈકે પૂછ્યુ કે ખાટાં તો નથી ત્યારે એણે ઉત્તર આપ્યો કે એકેએક કરડી ચાખીને લાવી છું પ્રભુએ એ બોર સ્વીકાર્યાં માટે અમે તો સ્પષ્ટ કબૂલ કરીશું કે પ્રભુના રહસ્યો જેવાં આ સાંદા ભોળા અજ્ઞાન ભાસતા મનુષ્યોને સમજાયાં હોય છે તેવાં આપણી મૂર્ખ વિદ્વત્તાને સ્વપ્નામાં પણ ભાસ્યા હોતાં નથી.

(૨) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.

(A) 'સંઘ કાશીએ પહોંચવો'

(B) 'હથેળીમાં ચાંદ બતાવવો'

(C) 'કક્કો ખરો કરવો'

(D) 'છાપરે ચડવું'

(૩) નીચેની કહેવતોનો અર્થ આપો.

(A) ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન

(B) એક મરણિયો સોને ભારે

(C) કડવું ઓસડ મા પાય

(C) ગામને મોઢે ગળણું ન દેવાય

(૪) નીચેના કહેવતોનો અર્થ આપો.

(A) ઘર ફૂટ્યે ઘર જાય

(B) ચોરનો ભાઇ ઘંટી ચોર

(C) છીંડે ચડ્યો તે ચોર

(D) ઝાઝા હાથ રળિયામણા.